ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરની દિવાળી પૂર્વે બેંકોમાં પૈસા ઉપાડવા લાંબી કતારો

## ૧૦, ૨૦ અને ૫૦ રૂપિયાની નવી નોટોની ખુબ માંગ : વધારે ભારણના કારણે વારંવાર સીસ્ટમ ફેલ્યોરના બનાવો

ગાંધીનગર, તા. ૨૨

આ વર્ષે દિવાળીમાં રજાઓનો સારો મેળ બેઠો છે. રવિવારની રજાને સાથે ગણીને સળંગ ચાર દિવસની રજાઓ પડતા રજાઓ પહેલાના બેંકોના કામકાજના દિવસે બેંકોમાં લાંબી કતારો જોવા મળી હતી. કામના વધારે ભારણના કારણે મોટી બેંકોમાં વારંવાર સિસ્ટમ ફેલ્યોરના બનાવો બન્યા હતા.

દિવાળીમાં નાણાનો વ્યવહાર ખુબ વધી જાય છે. નવી ચીજવસ્તુઓ ખરીદવાનો, હરવા-ફરવા જવાનો અને નવા રોકાણો આ સમયગાળામાં થતા હોવાથી રોકડ ઉપાડ વધી જાય છે. આગામી ૨૩, ૨૪, ૨૫ અને ૨૬મી ઓક્ટોબરના રોજ સળંગ ચાર દિવસ રજા હોવાથી રજાઓ પહેલાના ચાલુ દિવસે આજે બુધવારે બેંકોમાં ગ્રાહકોની ભારે ભીડ જામી હતી. પૈસાની લેવડદેવડ આખો દિવસ ચાલતા ઘણી બેંકોમાં ટ્રાન્ઝેકશન ખોરવાઈ ગયું હતું. કોમ્પ્યુટર પર ભારણ પડતા સીસ્ટમ ફેલ્યોરના બનાવો વારંવાર બનતા હતા. દિવાળી અને બેસતા વર્ષના દિવસે નવી નોટોની માંગ ખુબ વધી જાય છે. નવી નોટો લેવા બેંકોમાં ઘસારો જોવા મળતો હતો. રૂ. ૧૦, ૨૦, ૫૦ અને ૧૦૦ રૂ.ની નવી નોટોના બંડલો ગ્રાહકોને મળી રહે તે માટે બેંકોએ ખાસ વ્યવસ્થા ગોઠવી હતી.

**ભાડે આપવાનું છે**

સેક્ટર-૫એમાં બે માળનું સ્વતંત્ર ટેનામેન્ટ

સંપર્ક

મો. ૦૯૦૨૯૪ ૭૫૮૭૩



કષ્ટભંજન હનુમાન - મંગલમૂર્તિ હનુમાનજી મહારાજની ઉપાસના માટે કાળીચૌદસનો દિવસ વધુ ઉપકારક ગણાય છે... ગાંધીનગરના સેક્ટર-૬ની હનુમાનજીના મંદિરે ભાવિકોએ હનુમાનજીના ચરણોમાં અન્નકૂટ પિરસ્યો હતો... આજકાલ હનુમાનજી માટેની શ્રદ્ધામાં દિન-પ્રતિદિન વધારો થાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# સરકારી કચેરીઓમાં મીની વેકેશન

ગાંધીનગર, તા. ૨૨

સરકારી કચેરીઓમાં આવતીકાલથી સળંગ ચાર દિવસની જાહેર રજાઓ શરૂ થતાં મીની વેકેશન પડવા પામ્યું છે.

આવતીકાલે દિવાળી અને શુક્રવારે નૂતન વર્ષની જાહેર રજાઓ છે. જ્યારે શનિ અને રવિવાર જાહેર રજાઓ હોઈ સરકારી કચેરીઓમાં સળંગ ચાર રજાઓ આવતા મોટાભાગના કર્મચારીઓ દિવાળીની રજાઓમાં પ્રવાસે જવા નિકળ્યા છે.

સરકારી કચેરીઓમાં જાહેર રજાઓને કારણે મીની વેકેશન પડવા પામ્યું છે. રાજ્ય સરકારના મંત્રીઓ પણ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલયના વિભાગોમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી હતી.

સળંગ રજાઓનો લાભ મળતા મોટા ભાગના કર્મચારીઓ પરિવાર સાથે પર્યટન સ્થળોના પ્રવાસે ગયા છે. જેના કારણે ગાંધીનગર શહેરમાં નીરવ શાંતિનો માહોલ સર્જાયો છે. કેટલાક સેક્ટરો સુમસામ બન્યા છે.

આ વર્ષે રાજ્ય સરકારે કર્મચારીઓને ઓક્ટોબર માસનો પગાર વહેલો ન ચુકવતા બજારોમાં હજુ સુધી ખરીદી ખુલવા પામી નથી. જેના કારણે ધંધા રોજગારમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો હતો.


GSDMA

# દિવાળીના તહેવારોમાં સાવચેતી રાખીએ



**શું કરવું**

- ✓ પરવાનો ધરાવતા વેપારી પાસેથી જ ફટાકડા ખરીદવાનો આગ્રહ રાખો
- ✓ ફટાકડા હંમેશાં બંધ ડબ્બામાં જ રાખો
- ✓ જયાં આગ લાગવાની શકયતા હોય તેવી જગ્યાથી ફટકડા દૂર રાખો તેમજ બાળકોની પહોંચની બહાર રાખો
- ✓ ફટાકડા ફોડતાં પહેલાં ઉત્પાદક દ્વારા છાપવામાં આવેલ ચેતવણી ધ્યાનથી વાંચો
- ✓ ખુલ્લા વિસ્તારમાં જ ફટાકડા ફોડો
- ✓ ફટાકડા ફોડતી વખતે શરીરને ફટાકડાથી એક હાથના અંતર જેટલું દૂર રાખો
- ✓ ફૂટેલા ફટાકડાને પાણી ભરેલ બાલ્ટીમાં નાંખો. આમ કરવાથી જમીન પર જીવંત ફટાકડાંથી લોકોના પગમાં દાઝી જવાની શકયતા ન રહે
- ✓ આકાશમાં ફોડવાના થતા ફટાકડા ઘરમાં ન ઘુસી જાય તે માટે ઘરના બારી-બારણાં બંધ રાખો
- ✓ આગમાંથી બચાવ માટે પાણીની બાલ્ટી, રેતી અને ધાબળાં તૈયાર રાખો
- ✓ આગ સામે મહત્તમ રક્ષણ માટે ફટાકડા ફોડતી વખતે ભારે સુતરાઉ કપડાં પહેરવાનો આગ્રહ રાખો.
- ✓ જો તમારાં કપડાંમાં આગ લાગે તો ગભરાયા વિના જમીન પર સૂઈ રેતીમાં આળોટો
- ✓ ફટાકડા ફોડવાની જગ્યાની નજીકમાં પાણીનો સંગ્રહ કરી તૈયાર રાખો
- ✓ ફટાકડાથી આકસ્મિક રીતે દાઝી જવાની પૂર્વ તૈયારી રૂપે ઠંડો અને ભીનો ટુવાલ તૈયાર રાખો
- ✓ ઘરમાં ગેસના સિલિન્ડરના રેગ્યુલેટરને બંધ રાખો અને સિલિન્ડરને બાલ્કનીમાં ન રાખો કે જેથી આકાશમાં જતા રોકેટથી આગ લાગે નહી
- ✓ કાનમાં રૂ ભરાવો
- ✓ નાના આગશમનના સાધનને તાત્કાલિક ઉપયોગ માટે તૈયાર રાખો
- ✓ ફટાકડા ફોડતાં પહેલાં બધાં જ વાહનોને ગેરેજમાં મૂકો

**શું ન કરવું**

- × વડીલોની ગેરહાજરીમાં બાળકોને ફટાકડા ફોડવા દેશો નહી
- × ભીડભાડવાળી જગ્યા, ગીચ જગ્યા, સાંકડી ગલીઓ, આગ સંભવિત જગ્યા અને ઘરની અંદર ફટાકડા ફોડશો નહી
- × ખિસ્સામાં ફટાકડાં મૂકશો નહી
- × જીવંત ફટાકડાને ખુલ્લી જગ્યામાં મરજી મુજબ છુટ્ટા ફેંકવા નહી
- × વધુ મોટાં અવાજ માટે ફટાકડાને કાચની બાટલી કે પતરાંના ટીન ડબ્બામાં ઢાંકી ફોડશો નહી
- × સળગ્યા પછી હોલવાઈ ગયેલાં ફટાકડા ફૂટશે કે નહીં તેની ચકાસણી કરશો નહી
- × હાથમાં રાખી ફટાકડા ફોડશો નહી ફટાકડા ફોડવા માટે ફટકડાને હાથમાં પકડી દીવા પાસે લાવી સળગાવવા કરતાં ફટાકડાં જમીન પર રાખી દિવાસળી કે તારામંડળથી ફોડવા વધુ હિતાવહ છે
- × ફટાકડા ફોડતી વખતે ઢીલાં અને લાંબા કપડાં પહેરો નહી, લટકતા કપડાંના છેડામાં આગ લાગવાની શકયતા રહે છે
- × જો કોઈ વ્યકિત આગથી દાઝેલ હોય તો તેના બળેલા કપડાં કાઢવાની કોશિશ કરવી નહી, જે કપડાં સહેલાઈથી નીકળી શકે તો જ કાઢવાં જોઈએ. પરંતુ ખાતરી પણ કરવી જોઈએ કે તે વ્યકિત હજુ સુધી વધુ ઈજા નથી પામી રહ્યો
- × દિવાળીના તહેવારમાં બારીમાં કોડિયાં મૂકવાની પ્રથા છે પણ તેમાં ખાતરી કરી લેવી કે તે કોડિયાંમાંથી લાકડું, કપડાં કે કાગળથી આગ લાગે નહી.
- × ઘરમાં સુશોભન માટે જે લાઈટની સીરીઝ લગાવવામાં આવે છે તે એવા લોખંડના થાંભલા પર ન લગાવવી જોઈએ કે જેથી થાંભલા પરથી વીજકરંટ પસાર થાય
- × વધુ પવન હોય ત્યારે રોકેટ જેવાં આકાશમાં ફોડવાનાં ફટાકડા ફોડવા નહી

**તબીબી, આગ અને પોલીસ સંબંધિત તાકિદની પરિસ્થિતિમાં ફોન નં.૧૦૮નો સંપર્ક કરવા માટે તમારા કુટુંબના સભ્યોને માહિતગાર રાખો**

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)*

**જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦**

* મોબાઈલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

GSDMA, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત



# નૂતન વર્ષાભિનંદન



**ડૉ. સી. જે. ચાવડા**

(પૂર્વ ધારાસભ્ય)

નૂતન વર્ષમાં મંગલમય પ્રભાતથી શરૂ થતું આ નવું વર્ષ આપના પરીવાર તેમજ સ્નેહીજનો અને શુભેચ્છકમિત્રોને લાભદાયી તથા સુખ - સમૃદ્ધિદાયક નિવડે તેવા સૌને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...



# શ્રદ્ધાંજલિ



**સ્વ. જય વિક્રમભાઈ પટેલ**

સ્વર્ગવાસ તા. ૧૮-૧૦-૨૦૧૪

પ્રેમ ભરી પુષ્પાંજલિ
ભાવભીની ભાવાંજલિ
અશ્રુભિની અલ્પાંજલિ
સ્નેહભરી શ્રદ્ધાંજલિ

પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ.

અશોકભાઈ સી. પટેલ — રીતેશ રમેશભાઈ પટેલ
દિપકભાઈ એમ. પટેલ — હિરેન અશોકભાઈ પટેલ
રમેશભાઈ કે. પટેલ — વિક્રમભાઈ કે. પટેલ

ફર્મ : વાવોલ કો.ઓ. ક્રેડીટ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર



**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર**

શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત

# યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર**

| | |
|---|---|
| ગુજરાત સુતી ખાદી | ૨૫% વળતર |
| પોલીવસ્ત્ર ખાદી | ૨૫% વળતર |
| પરપ્રાન્ત ખાદી | ૧૫% વળતર |
| રેશમ ખાદી | ૧૫% વળતર |
| ગરમ ખાદી | ૧૫% વળતર |

અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોદ્યોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.

સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોદ્યોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પ્લેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પ્લેક્ષ, અંબાજી

● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી
● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી

નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com